જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૬/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૭૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૯ કેસ કરી, ૯૬ વ્યક્તિઓને ઝડપી, ૩૨૯ લીટર દેશી દારૂ, ૪૯ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૮૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૭,૯૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૭૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૮૭૬/૨૦૨૬**

શાહેરકોટડાઃ રાકેશકુમાર સ/ઓ રાધેશ્યામ માલીવાલ (ઉ.વ.૪૪)(રહે, ગીરીવર રેસીડન્સી, યોગેશ્વર પાર્ક સામે, વસ્ત્રાલ) એ તા.૨૨/૦૬/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નરોડા રોડ અમદુપુરા સફલ માર્કેટ–૦૪, દુકાન નંબર સી/૪૧ ખાતેથી તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ ૨૫ ટન ચોખા કિમત રૂપિયા ૧૪,૭૭,૬૮૦/– તથા તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ ૩૫ ટન અડદ કિમત રૂપિયા ૩૩,૦૬,૬૨૫/– કુલ રૂપિયા ૪૭,૮૪,૩૦૫/– મતાનો માલ ઉદયપુર રાજસ્થાન ખાતે આરોપી વિજય પરષોતમભાઇ શાહુ (રહે.ઓઇલ માર્કેટ, ધાનમંડી, શાસ્ત્રીસર્કલ ગીરવા ઉદયપુર, રાજસ્થાન) નાઓને મોકલી આપેલ જે પેટેના લેણા બાકી રૂપિયા ૪૩,૧૧,૯૦૦/– ચુકતે કરી આપીશુ તેવો વાયદો કરી, વેપાર ધંધામાં રાકેશકુમાર માલીવાલનો વિશ્વાસ કેળવવા માટે તા.૦૬/૦૧/૨૦૨૫ ના રોજ ૦૭ ટન કાબુલી ચણાની ખરીદ કરી જેના નાંણા RTGS થી ચુકતે કરી ભરસો કેળવી, પોતાની પિતામ્બર કુડ ફર્મના નામના ખોટા બીલો બનાવી "આપડો હિસાબ ચુકતે" તેમ કહી રાકેશકુમાર માલીવાલ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.ગોસ્વામી ચલાવે છે.

ક્રાઇમ બ્રાંચઃ ગોપાલભાઇ રાણાભાઇ ભરવાડ (ઉ.વ.૩૭)(રહે. મુરલીધર પાર્ક, બડોદરા પાટીયા, વાંચ) એ તા.૨૨/૦૬/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન ફેઝ–૨, વટવા જી.આઇ.ડી.સી. ખાતે આવેલ "શ્રીજી કલર કેમ" નામની ગોપાલભાઇ ભરવાડની ફર્મમાંથી આરોપી જયમીનભાઇ ઠક્કર (રહે.પહેલો માળ, શ્રીજી એસ્ટેટ, આસોપાલવ હોટલ પાછળ નારોલ) એ કાપડમા વપરાતા કલર કિમત રૂપિયા ૭૫,૮૩,૫૫૬/– મતાનો ખરીદ કરી તે પેટે લેણા રૂપિયા ૫૪,૦૮,૫૫૬/– નહિ ચુકવી તેમજ ધંધો વધારવા માટે રૂપિયા ૨૦,૦૦,૦૦૦/– મેળવી લઇ તે પૈકી ફકત રૂપિયા ૬,૦૦,૦૦૦/– પરત આપી બાકી લેણા રૂપિયા ૧૪,૦૦,૦૦૦/– નહિ ચુકવી, કુલ રૂપિયા ૬૮,૦૮,૫૫૬/– આજદિન સુધી પરત નહી આપી ગોપાલભાઇ ભરવાડની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૮૭૭/૨૦૨૬**

ઓઢવઃ રમેશગીરી સ/ઓ શિવગીરી ગોસ્વામી (ઉ.વ.૫૦)(રહે. સુધર્મ સોસાયટી પ્રશાંત સિનેમા સામે મહેસાણા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૨૬ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ સોનીની ચાલી બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડ ખાતે અજાણી વ્યક્તિએ રમેશગીરીની નજર ચુકવી તેમના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૧,૩૮,૦૦૦/– મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.જામંગ ચલાવે છે.

નરોડાઃ શિવમ ઉર્ફે કિશન ભરતસિંહ રાજપુત (ઉ.વ.૨૫)(રહે.વ્હાઇટ પેલીકન એસ.પી.રીંગ રોડ હંસપુરા નરોડા) એ તા.૨૨/૦૬/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૬/૨૦૨૬ કલાક ૧/૩૫ વાગ્યાના સુમારે નરોડા હંસપુરા ૧૦૮ સામે આવેલ "સિક્સ–સેવન" નામની હોટલમાં વેઈટર તરીકે નોકરી કરતાં સબીન તમાઉ ઉર્ફે નેપાલી (મુળ રહે.ચેનપુર ન.પા.૧૧ સંખુઆસભા નેપાળ) નાઓ હોટલના કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૩,૫૪,૦૦૦/– અને મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૬,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૬૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.કુપાવત ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર ચાદી નં.૮૭૮/૨૦૨૬**

નવરંગપુરાઃ ભવ્યાબહેન વા/ઓ આદિશભાઇ જૈન (ઉ.વ.૩૫)(રહે.એચ–૪ રેસીડેન્સી, ૨૩૮ ઉર્મિકુંજ સોસાયટી, બેન્ક ઓફ બરોડાની લાઈન, નવરંગપુરા) એ તા.૨૨/૦૬/૨૦૨૬ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૬/૨૦૨૬ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા HL કોમર્સ કોલેજના ગેટ આગળ અમદાવાદ યુનિવર્સીટીના AMTS બસ સ્ટેન્ડ આગળ રોડ ઉપર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ ભવ્યાબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન પેન્ડેન્ટ સહિત કિંમત રૂપિયા ૧,૨૮,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એ.પટેલ ચલાવે છે.

પાલડીઃ હિંમતભાઇ ડાયાલાલ વોરા (ઉ.વ.૭૮)(રહે.પુષ્કર–૩ પી.ટી કોલેજ રોડ પાલડી) એ તા.૨૨/૦૬/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૬/૨૦૨૬ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે પાલડી પુષ્કર–૩ ના ગેટની આગળ એક પુરૂષ હિંમતભાઇના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.વાળા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૮૭૯/૨૦૨૬**

વાડજઃ જુના વાડજ મહેસાણા સોસાયટી પાછળ મોચીવાસ ખાતે ભાડાના મકાનમાં રહેતા હરેશભાઇ કિશનભાઇ સોલંકી (ઉ.વ.૧૯) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૬/૨૦૨૬ ના કલાક ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશકુમાર શીવાભાઇ ચલાવે છે.

સરખેજઃ શબાપરવીન વા/ઓ મોહમદનવાઝ પઠાણ (ઉ.વ.૨૩)(રહે. જુમ–જુમ પાર્ક બિલાલ સોસાયટી, ફતેવાડી કેનાલ પાસે, સરખેજ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૫૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "એમ" ડીવીઝન નાઓ ચલાવે છે.

અમરાઇવાડીઃ પ્રકાશભાઇ મોહનભાઈ પરમાર (ઉ.વ.૨૮)(રહે. અંબીકા પાર્ક, અમરાઇવાડી પોસ્ટ ઓફીસ સામે, અમરાઇવાડી) એ બીમારીથી કંટાળી તા.૨૨/૦૬/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૌશિકસિંહ દિપાજી ચલાવે છે.

ઓઢવઃ મહેન્દ્રભાઇ મોહનભાઇ નીકમ (ઉ.વ.૪૫)(રહે. પુષ્કર હિલ-૦૧ ગુરૂદ્વારા પાસે, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૬/૨૦૨૬ સાંજના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી